ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શાહી રોડ-શો સામે રજવાડી રોડ-શો

## જિલ્લાના રાજકારણમાં ભાજપ કોંગ્રેસના રોડ-શો એ ચર્ચા જગાવી





ગાંધીનગર, તા. ૪

અમીત શાહના શાહી રોડ શૉ બાદ આજે કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાના રજવાડી રોડ શૉ એ પાટનગરના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

વાસણિયા મહાદેવની પૂજા બાદ ૫૧ કિલો ગોળ ચડાવ્યા બાદ ડૉ. ચાવડાનો આ રોડ શૉ આરંભાયો હતો જે ૧૨.૧૫ મિનિટે કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચ્યો હતો.

ડૉ. ચાવડાના આ રોડ શૉ માં પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, પ્રદેશ મહામંત્રી નીશિત વ્યાસ, ધારાસભ્યો બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, પાટીદાર અગ્રણી હાર્દિક પટેલ સહિત અનેકવિધ અગ્રણીઓ જોડાયા હતા.

અઢી કલાકથી વધુ ચાલેલા આ રોડ શૉ માં ઠેરઠેર કાર્યકરોએ ચાવડાનું અને આગેવાનોનું સ્વાગત કરી કોંગ્રેસ ઝિંદાબાદના નારા લગાવી વાતાવરણ ગજવી દીધુ હતુ. કલેક્ટર કચેરી પહોંચતા પહેલા ઘ-૫ સર્કલ પર આવેલ રાજ્યના સ્થાપક રવિશંકર મહારાજની પ્રતિમાને ડૉ. ચાવડાએ પુષ્પાંજલિ અર્પી હતી.

ડૉ. ચાવડાએ પત્રકારો સાથેની વાતચીતમાં તેમનો પાતળી સરસાઈથી વિજય થશે તેવો સ્પષ્ટ આશાવાદ વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે વિજયનો વિશ્વાસ છે હું જ્યોતિષી નથી કે આગાહી કરૂ પણ પ્રજા દ્વારા મને જે પ્રેમ અને સત્કાર મળી રહ્યો છે તેજ મારી મુડી છે એટલે જ કહુ છુ કે પાતળી બહુમતિથી પણ હું જ વિજયી થઈશ.

ગાંધીનગર, કલોલ, વેજલપુર અને સાણંદ વિસ્તારમાં મારા રાઉન્ડ પુરા થઈ ગયા છે. તેમણે કહ્યુ હતુ કે મારી ઉમેદવારીની સત્તાવાર જાહેરાત મોડી જરૂર થઈ છે પણ મને નેતાઓએ સંકેત આપી દીધા હતા અને તેને ધ્યાને લઈ મેં મારી કામગીરી હાથ ધરી દીધી હતી. અમે બુથ લેવલનું માઈક્રો પ્લાનીંગ પણ કરી દીધુ છે.

ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ કે ભાજપની કથની અને કરનીમાં કોઈજ તફાવત નથી. પ્રજાને કહેવુ કંઈક અને કરવું કંઈક.

### કલોલના ધારાસભ્ય બળદેવજીનું ખિસ્સુ કપાયુ

કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાના રોડ શૉ દરમ્યાન કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરનું જ ખિસ્સુ કપાઈ જવા પામ્યુ છે. બળદેવજી ઠાકોર આજે ડૉ. ચાવડાના ડમી ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્ર ભરવા માટે ડિપોઝીટના રૂ. ૨૫ હજાર લઈ ઘરેથી આવ્યા હતા. તેમનું ખિસ્સુ કપાઈ ગયા બાદ તેમણે જણાવ્યુ હતુ કે ક્યાં કપાયુ તે ખ્યાલ આવ્યો નથી પરંતુ કપાયુ તે હકીકત છે.

ધારાસભ્યનું ખિસ્સુ કપાયાની વાત વાયુવેગે શહેરમાં અને સોશ્યલ મિડિયામાં પ્રસરતાં ચકચાર મચી જવા પામી હતી.

# ગાંધીનગર બેઠક માટે ૪૫ ઉમેદવારોએ ઝુકાવ્યુ

**આ બેઠક પર ઉમેદવારી વિક્રમી નોંધાતાં રાજકીય ધમધમાટ વધ્યો : કોંગ્રેસ-બસપા-ભાજપ સહિતના ૩૫ ઉમેદવારોએ આજે ઉમેદવારી પત્રો રજુ કર્યા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૩૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ સાથે આ બેઠક પર આજ સુધી નોંધાયેલા ઉમેદવારોની સંખ્યા ૪૫ થઈ છે. જે એક આ બેઠકનો વિક્રમ છે. ૨૦૧૪ના ચૂંટણી જંગમાં ૧૯ ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. આજે સવારે ૧૧ વાગ્યાથી જ ઉમેદવારીપત્ર ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો કલેક્ટર કચેરી પહોંચી ગયા હતા. આજ સુધીમાં ૪૫ ઉમેદવારોએ ૫૨ ઉમેદવારીપત્રો રજુ કર્યા છે.

સાંજે ૫.૩૦ સુધી કલેક્ટર વ ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ ઉમેદવારીપત્રો સ્વીકાર્યા હતા. જોકે જે ઉમેદવારો ત્રણ વાગ્યા સુધીમાં કલેક્ટર ઓફિસ આવી પહોંચ્યા હતા તે બધાને ટોકન નંબર આપી ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. ૩ માં ૧૦ મિનિટ જેટલો સમય બાકી હતો ત્યારે પ્રાંત અધિકારી વ ગાંધીનગર (ઉ)ના ચૂંટણી અધિકારી ભાદરોલિયા, ગાંધીનગર મામલતદાર તેમજ અન્ય અધિકારીઓએ બહાર આવી પોકાર પાડ્યો હતો કે ઉમેદવાર હોય તે અંદર આવી જાય.

આજે ઉમેદવારી પત્ર ભરવામાં કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડા, ભાજપના અમીત શાહ, કોંગ્રેસના બળદેવજી ઠાકોર,

● અનુસંધાન પાન-૭ પર

## ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસની સાથે સાથે

**લઘુમતિ કોમની એક મહિલા ઉમેદવારે ભગવાનના નામે પ્રતિજ્ઞા વાંચન કર્યુ : અમિત શાહના બે ફોર્મ આજે રજુ થયા : સી.જે. ચાવડાએ ત્રણ ઉમેદવારીપત્રો રજુ કર્યા**

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૪

- ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ચૂંટણી જંગમાં આજે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહના વધુ બે ઉમેદવારીપત્રો રજુ થયા હતા.
- દરખાસ્ત રજુ કરનારા બે કાર્યકરો દ્વારા આ ફોર્મ રજુ થયા હતા. આજે તેમના ઉમેદવારીપત્ર દરખાસ્ત રજુ કરનાર વેજલપુરના અરવિંદભાઈ પરમારે એક ફોર્મ રજુ કર્યુ હતુ. તો બીજુ ફોર્મ ઘાટલોડિયાના દિનેશભાઈ કે. બારોટ દ્વારા રજુ થયુ હતુ.
- કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાએ ત્રણ સેટ ઉમેદવારીપત્રના રજુ કર્યા હતા. તેઓ જ્યારે ફોર્મ ભરવા ગયા ત્યારે તેમની સાથે બળદેવજી ઠાકોર, પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, પાટીદાર અગ્રણી હાર્દિક પટેલ જોડાયા હતા.
- ડૉ. ચાવડાના એક ફોર્મમાં કાઉન્સીલર જીતુ રાયકાએ દરખાસ્ત કરી છે તો બીજા ફોર્મમાં પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ વિરેન્દ્રસિંહ વાઘેલાએ દરખાસ્ત રજુ કરી છે તો ત્રીજા ફોર્મમાં અશ્વિનભાઈ બારોટે દરખાસ્ત રજુ કરી છે.
- કોંગ્રેસના ડમી ઉમેદવાર તરીકે ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ઉમેદવારી પત્ર રજુ કર્યુ છે.
- લઘુમતિ કોમની મહિલા ઉમેદવારોએ પણ આજે ઉમેદવારી નોંધાવી હતી.
- લઘુમતિ કોમની એક મહિલા ઉમેદવારે અલ્લાહના નામે તો આ સમાજની બીજી મહિલા ઉમેદવારે ભગવાનના નામે સોગંદ લઈ પ્રતિજ્ઞાનું વાંચન કર્યુ હતું.
- લઘુમતિ કોમના એક ઉમેદવારને ગુજરાતી ભાષા આવડતી ન હતી પરંતુ તમે બોલો તો તે રિપીટ કરી શકે તેટલી ક્ષમતા ધરાવતા

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **કૃષ્ણકાન્તભાઈ ભગવાનભાઈ પરીખ** તા. ૩૧/૩/૨૦૧૯ના અરિયારસના રોજ શ્રીજી ચરણ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૬/૪/૨૦૧૯ના શનિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦** સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નંબર - ૫૭, સેક્ટર નંબર - ૮/એ, ગાંધીનગર

**સુનીલભાઈ કે. પરીખ**
દસ્તાવેજ લખનાર / સ્ટેમ્પ વેન્ડર
ગાંધીનગર

**વીણાબેન એસ. પરીખ**
એડવોકેટ
ગાંધીનગર


# શહેરમાં મોસમનો સૌથી ગરમ દિવસ

ગાંધીનગર, તા. ૪

શહેરના આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. મહત્તમ તાપમાન ૪૨.૬ ડિ.સે. પહોચતા જ્યારે આજે તો મહત્તમ તાપમાન ૪૨.૬ ડિ.સે. પર પહોંચતા મોસમનો સૌથી હોટેસ્ટ દિવસ રહ્યો હતો. સવાથી જ ગરમીએ તેનો

**ગરમીનો પારો વિક્રમજનક સપાટીએ : મહત્તમ તાપમાન ૪૨.૬ ડિ.સે. સાથે જનજીવન ખોરવાયુ : બપોરે ૧ થી ૪ માર્ગો સુમસામ બન્યા**

ગાંધીનગરાઓ ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા હતા. જનજીવન પર આકરી ગરમીની અસર જોવા મળી હતી. બપોરે ૧ થી ૪ તો માર્ગો પર જાણે કરફ્યુ લાગ્યો હોય તેવુ દૃશ્ય જોવા મળ્યુ છે.

ગાંધીનગર અને તેના આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી મહત્તમ તાપમાન વધતુ જાય છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૫ ડિ.સે. પર પહોંચ્યો આકરો મીજાજ બતાવવો શરૂ કરી દીધો હતો. નવ-દસ વાગ્યે તો એટલી બધી ગરમી લાગતી હતી કે માંડ ઘરની બહાર નીકળી શકાતુ હતુ. વસાહતીઓએ દસ વાગ્યા પછી તો ઘરની બહાર નીકળવાનુ ટાળવા માંડ્યુ હતુ. ઓફિસોમાં પણ કર્મચારીઓ ગરમીથી ખૂબ કંટાળ્યા હતા અને જ્યાં એસી-કૂલર હોય ત્યાં બેઠક જમાવી હતી. આખી બપોર લૂ ફૂંકાઈ હતી. મોડી સાંજ સુધી લૂની અસર વર્તાતી હતી. લૂ થી બચવા માટે વસાહતીઓ અને રાહદારીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. તો બજારોમાં પણ વેપારીઓ આરામ કરતા નજરે ચઢ્યા હતા. ફેરીયાઓ અને મજૂરોએ પણ આરામ ફરમાવી ગરમીથી બચવાનો પ્રયાસ કર્યો હતો. વસાહતીઓ અને રાહદારીઓની અવરજવર સાવ ઓછી થઈ જતાં શહેરમાં જાણે કરફ્યુ હોય તેવુ લાગતુ હતુ. ગરમીની સીધી અસર જનજીવન પર જોવા મળી હતી.

એપ્રિલ માસના પ્રારંભે જ ગરમીએ આકરૂ સ્વરૂપ ધારણ કરી લીધુ છે. આકાશમાંથી જાણે અંગારા વરસતા હોય તેવુ લાગતુ હતુ. આકરો તડકો પડતા શહેર જાણે ભઠ્ઠીમાં ફેરવાઈ ગયુ હતુ. પશુ-પંખીઓ પણ છાંયડો શોધી આરામ કરતા નજરે ચઢતા હતા. હવામાન વિભાગે અમદાવાદ-ગાંધીનગર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. હજુ કેટલાક દિવસ ગરમીથી રાહત મળે એવા કોઈ એંધાણ નથી. હવામાન વિભાગે આગામી દિવસોમાં ગરમી હજુ વધે તેવુ જણાવ્યુ હતુ.


गुजरात केन्द्रीय विश्वविद्यालय
( भारत की संसद के अधिनियम सं. २५, २००९ के तहत स्थापित )
CENTRAL UNIVERSITY OF GUJARAT
(Established by an Act of Parliament of India, No 25 of 2009)

ADMISSION ANNOUNCEMENT 2019-20
ADVERTISEMENT NO. 33/2018-19

The University invites online application from eligible applicants for admissions to various UG, PG and Research programmes for the Academic Year 2019-20 through CUCET-2019.The online application form is available from 13.03.2019 to 13.04.2019 on **(www.cucetexam.in)**. Entrance Test will be conducted at various centres across India on 25th and 26th May, 2019 in offline (OMR based) mode. Applicants are advised to visit CUG website **(www.cug.ac.in)** and/or CUCET website **(www.cucetexam.in)** for regular updates.

Registrar



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo — go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



સંસ્કૃતિ

“સંસ્કૃતિ” સંસ્થા, ગાંધીનગર

(૧) વર્ષમાં છ ઉત્તમ કાર્યક્રમ તથા એક ભોજન સમારોહ. પાંચ ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ
(૨) સર્વને પોષાય તેવી સભ્ય ફી.
(૩) સાત્વિક અને છતાંય રાજી થવાય તેવું મનોરંજન આપતી સંસ્થા.

૨૦૧૯-૨૦ ના વર્ષનું સભ્યપદ મેળવીને આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકાય.

સંસ્થાનું સભ્યપદ મેળવવા માટે બાજુમાં દર્શાવેલ સ્થળે અથવા મોબાઈલ નંબરથી સંપર્ક કરવો. આગામી કાર્યક્રમનું નિમંત્રણ કાર્ડ મેળવવા સત્વરે સભ્યપદ મેળવી લેવું.

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૬૦૦/- (વાર્ષિક)
સભ્ય ફી એક વ્યક્તિના રૂા.૧૦૦૦/- (વાર્ષિક)

“યે રાત ભીગી ભીગી”

હિન્દી ફિલ્મોના સુવર્ણ યુગમાં દિગ્ગજ સંગીતકારો દ્વારા તૈયાર થયેલા કર્ણપ્રિય અને સર્વપ્રિય ગીતોનો કાર્યક્રમ-મુંબઈના કલાકારોની સંગાથે


મયુર સોની

| તારીખઃ | સમયઃ | સ્થળઃ |
|---|---|---|
| ૫મી એપ્રિલ, ૨૦૧૯, શુક્રવાર | રાત્રે ૯-૧૫ | ટાઉન હોલ, ગાંધીનગર |


અમૃતા પાટીલ-મુંબઈ · શ્રીજીત ચક્રવર્તી-મુંબઈ · નાનુ ગુર્જર-મુંબઈ · કોમલ કાણકિયા-પુના · પ્રિયંકા બાસુ-અમદાવાદ

સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩/૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૩) નવા સચિવાલય :
શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪
શ્રી પરાગ શુક્લ (મો) ૯૯૭૮૪૦૫૯૪૩
શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૪) જૂના સચિવાલય :
શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬
શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૫) વાવોલ :
શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬
શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૬) ગુજરાત વિદ્યુત બોર્ડ :
શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪૩૧૯૦૦
(૭) શ્રી હરેશ ઠાકર (મો.) ૯૪૨૭૩ ૧૭૪૪૯
(૮) શ્રીમતી આરતી ભટ્ટ (મો.)૯૯૨૫૦ ૯૭૦૭૮
(૯) ડૉ. ચેતના બુચ (મો.) ૯૮૨૫૮ ૧૬૦૧૮

આવો... આજે જ સભ્યપદ રીન્યુ કરાવીને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુકલ — મહામંત્રી — ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ — પ્રમુખ — ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com